

લાલચ બૂરી બલા

વોટ્સએપ ગ્રુપની આડમાં ભરૂચના બિરલા ગ્રાસિમના નિવૃત્ત G.M. શિવરતન શેઠિયા સાથે છેતરપિંડી, પત્નીના ખાતાના પૈસા પણ ગયા

## ‘સ્ટોક માર્કેટ’ના નામે ઠગોએ ‘શૉક’ આપ્યો, 1.17 કરોડની ઠગાઈ

**દિવ્યા,** મનોજ અને ‘NB મેનેજર’ બનીને આવેલા સાયબર ગઠિયાઓએ સ્ટોક માર્કેટનાં સપનાં બતાવ્યાં

**નકલી** વેબસાઇટ, ખોટાં ડિમેટ એકાઉન્ટ અને 50 ટકા પ્રોફિટની લાલચમાં આધેડ આવી જતાં અંતે કરોડો ઊડી ગયા!

ભરૂચઃ ભરૂચ શહેરમાં રહેતા બિરલા ગ્રાસિમના એક નિવૃત્ત સિનિયર અધિકારી સાથે સ્ટોક માર્કેટમાં મોટું વળતર અપાવવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂ.1,17,00,401ની ભયાનક છેતરપિંડી કર્યાનો ગંભીર મામલો સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ભરૂચમાં નોંધાયો છે. વોટ્સએપ ગ્રુપ, નકલી વેબસાઇટ, બનાવટી લેટરપેડ અને ખોટા ઇન્સ્ટિટ્યુશનલ એકાઉન્ટની જાળમાં ફસાવી કરોડોની રકમ અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવવાની સચોટ રીતે રચાયેલો મોટા સાઈબર ગુનો સામે આવ્યો છે.

ફરિયાદી શિવરતન પાનમલ શેઠિયા (ઉ.વ.59) હાલ ભરૂચની મલ્હાર ગ્રીનસિટી સોસાયટીમાં રહે છે અને બિરલા ગ્રાસિમ લિમિટેડમાંથી જનરલ મેનેજર પદેથી નિવૃત્ત થયા છે. તા.15મી ઓક્ટોબર-2025ના રોજ તેમના વોટ્સએપ નંબરને અજાણ્યા રીતે “Nirmal Bang Securities Private Limited” નામના ગ્રુપમાં એડ કરવામાં આવ્યા બાદ સ્ટોક માર્કેટની ટિપ્સ આપવાનું શરૂ થયું. ત્યારબાદ ‘દિવ્યા’ નામે ઓળખ આપનાર મહિલાએ પોતાને એન.બી. સિક્યુરિટીઝ ઈન્સ્ટિટ્યુશનલ ટીમ અને પ્રોફેસર સુનીલ જૈનની આસિસ્ટન્ટ તરીકે રજૂ કરી વિશ્વાસ જિત્યો હતો. પ્રારંભે Zerodha એપ દ્વારા શેર ખરીદીમાં નુકસાન થયા બાદ તે નુકસાન ભરપાઈ કરાવી આપવાની વાત કરી, એન.બી. સિક્યુરિટીઝમાં એકાઉન્ટ ખોલાવવાની લાલચ આપી. https://m.nbtradepro.com જેવી નકલી વેબસાઈટ મારફતે આધાર, પાનકાર્ડ અને બેંક વિગતો મેળવી ડિમેટ અને ઈન્સ્ટિટ્યુશનલ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.બી. ડિપોઝિટ સર્વિસીસ LG1963 ફાયનાન્સ અને એન.બી. સ્ટોક VIP 701 જેવા વોટ્સએપ ગ્રુપમાં એડ કરી વી.આઈ.પી. મેમ્બર બનવાના ફાયદા બતાવીને લાલચ આપી હતી. દરમિયાન ફરિયાદીએ તા.10-11-2025થી તા.11-12-2025 સુધી તેમના અને તેમની પત્નીના HDFC બેંક એકાઉન્ટમાંથી બેંક ઓફ બરોડા, એક્સિસ બેંક અને ICICI બેંકમાં આવેલાં કુલ 11 અલગ-અલગ એકાઉન્ટમાં રૂ.1,18,00,000 RTGS/NEFT દ્વારા ટ્રાન્સફર કરાવાયા હતા. એલ.એ. ટ્રેડર્સ, એન.બી.એન્ટરપ્રાઈઝ, ગોલ્ડન લિઝિંગ | ફાયનાન્સ લિ., ગોકરાજુ એન્ટરપ્રાઈજીસ, શ્રી સાંઇ ટ્રેડીંગ અને શ્રીનીવાસા એન્ટરપ્રાઈઝ જેવાં નામોનો ઉપયોગ થયો હતો. વિશ્વાસ જમાવવા માટે શરૂઆતમાં રૂ.99 અને રૂ.99,500 પરત આપીને ફ્રોડનો સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો હતો. આ પછી ઈન્સ્ટિટ્યુશનલ એકાઉન્ટમાં 50% જેટલો ખોટો પ્રોફિટ બતાવી કુલ રૂ.7 કરોડથી વધુ બેલેન્સ દર્શાવાયું હતું. જ્યારે સમગ્ર રકમ વીડ્રો કરવાની માંગણી કરવામાં આવી ત્યારે ‘એકસાથે ઉપાડવી પડશે’ તેમ કહી પ્રોફિટના 10% એટલે રૂ.60,19,521 એડ્વાન્સ ભરવાની ફરજ પાડવામાં આવી હતી. આથી તેમને શંકા ગઈ હતી.

### મુંબઈની કંપનીમાં તપાસ કરતાં ભાંડો ફૂટ્યો

લાખો રૂપિયા ગયા બાદ ફરિયાદીએ મુંબઈ સ્થિત નિર્મલ બેંગ સિક્યુરિટીઝ પ્રા.લિ.ની ઓફિસની મુલાકાત લીધી હતી. જ્યાં કંપનીના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે તેમના નામે નકલી વેબસાઇટ બનાવી સાયબર ગઠિયાઓ દેશભરમાં ફ્રોડ કરી રહ્યા છે. હકીકત સમજાતાં ફરિયાદીએ સાઈબર હેલ્પલાઈન અરજી કરીને ભરૂચ સાયબર પોલીસે અજાણ્યા વ્યક્તિઓ તેમજ અનેક વોટ્સએપ નંબર સામે છેતરપિંડી અને IT એક્ટ સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દહેજ હોટલના પ્રાંગણમાં 79.88 લાખનું કેમિકલ ચોરીનું કૌભાંડ

**ટેન્કરમાંથી** વાલ્વ વાટે કેમિકલ ચોરી કરતાં બે શખ્સ પકડાયા

**ટેન્કર** સહિત લાખોનો મુદ્દામાલ જપ્ત કરાયો



ભરૂચઃ દહેજ વિસ્તારમાં સક્રિય કેમિકલ માફિયાઓ વિરુદ્ધ દહેજ પોલીસે લાલ આંખ કરી છે. ભરૂચ-દહેજ હાઈવે પર આવેલી એક હોટેલના પાર્કિંગમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરવાનું મસમોટું નેટવર્ક ઝડપી પાડી પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. આ સમગ્ર કાર્યવાહીમાં પોલીસે ટેન્કર અને કેમિકલ મળી કુલ રૂ.79,88,967નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગતો મુજબ દહેજ પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, દહેજ હાઈવે પર આવેલી ‘મહાદેવ હોટેલ’ના પાર્કિંગમાં કેટલાક શખ્સો ઊભેલા કેમિકલ ટેન્કરમાંથી ગેરકાયદે રીતે કેમિકલ કાઢી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતાં હોટેલના પાર્કિંગમાં ટેન્કરના વાલ્વ મારફતે કેમિકલ ચોરી કરવાની પ્રક્રિયા ચાલતી હોવાનું નજરે પડ્યું હતું. પોલીસે સ્થળ પરથી મુલારામ બાબુલાલ શર્મા અને દાલુરામ રામારામ જાનીની અટકાયત કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ કેમિકલ ચોરીના કૌભાંડમાં ગિરધરસિંગ રાજપૂત નામનો શખ્સ પણ સંડોવાયેલો છે, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘટના સ્થળેથી કેમિકલ ભરેલું ટેન્કર અને ચોરી કરેલો જથ્થો મળી કુલ રૂ.79.88 લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કર્યો છે. દહેજ વિસ્તારમાં કેમિકલ ભરેલાં ટેન્કરોની સતત અવરજવરનો લાભ ઉઠાવી લાંબા સમયથી આ ગોરખધંધો ચાલતો હોવાની આશંકા છે. દહેજ પોલીસની આ સફળ કામગીરીને પગલે હાઈવે પર ધમધમતા કેમિકલ ચોરીના અડ્ડાઓ પર ફફડાટ વ્યાપી ગયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચ-તાપીમાં નાતાલ પર્વની ઉજવણી



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ, સોનગઢઃ ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા નાતાલ પર્વની હર્ષો ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન ઈસુ ખ્રિસ્તના જન્મદિન નિમિત્તે શહેરનાં વિવિધ ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સભાઓ, ભજન, સ્તુતિ અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. નાતાલ પર્વ નિમિત્તે દેવળોને આકર્ષક રીતે શણગારવામાં આવ્યાં હતાં અને રોશનીથી ઝળહળતાં બનાવવામાં આવ્યાં હતાં. વહેલી સવારથી જ ખ્રિસ્તી સમુદાયના ભક્તોએ ચર્ચોમાં હાજરી આપી પ્રાર્થના કરી હતી. તાપી જિલ્લાના સોનગઢ નગર સહિત વિવિધ વિસ્તારોમાં શાંતિપૂર્ણ વાતાવરણ વચ્ચે નાતાલ પર્વ આનંદ અને ઉમંગ સાથે ઉજવાયો હતો. વહેલી સવારે ખ્રિસ્તી બંધુઓએ દેવળોમાં હાજર રહી પ્રાર્થના કરી હતી.

### અંકલેશ્વરમાં અટલબિહારી વાજપેયીના જન્મદિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ ભારતરત્ન અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતીને સમગ્ર દેશમાં સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે અંકલેશ્વરમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના જળ સંસાધન અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા જવાહરબાગ ખાતે તેમની પ્રતિમા સમક્ષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અટલબિહારી વાજપેયીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી દીપ પ્રગટાવી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ હતી. જ્યારે અંકલેશ્વર નોટિફાઈડ ભાજપ દ્વારા જયાબેન મોદી હોસ્પિટલ ખાતે દર્દીઓ માટે પૌષ્ટિક અનાજની કિટ તથા 130 જેટલા દર્દીઓ માટે ફ્રૂટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના જળ સંશાધન અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### પલસાણામાં બે જગ્યાએથી વિદેશી દારૂ ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય LCBએ તા.25/12/2025ના રોજ પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અલગ-અલગ જગ્યાએથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બગુમરા ગામથી 2.59 લાખના વિદેશી દારૂ અને ગંગાધરાથી 2.61 લાખના વિદેશી દારૂ સાથે એક આરોપીની ધરપકડ કરી હતી. પ્રથમ ઘટનામાં LCBને બાતમી મળી હતી કે, એક મારુતિ સ્વિફ્ટ ડિઝાયર નં.(MH-03-ES-6107) દમણથી દારૂ ભરીને બારડોલી તરફ જઈ રહી છે. વોચ દરમિયાન બગુમરામાં આ ગાડી અટકાવી તપાસ કરતાં તેમાંથી 1152 બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે આરોપી અકરમ નંગે મોહમદ ફકીર બેગ (રહે.,મુંબઈ)ની ધરપકડ કરી કુલ રૂ.7,84,680નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બીજી ઘટનામાં ગંગાધરા ગામની સીમમાં અન્ય એક સફેદ સ્વિફ્ટ ડિઝાયર નં.(MH-03-EG-9316)ને અટકાવવામાં આવી હતી. તેમાંથી પણ વિદેશી દારૂનો જથ્થો 1176 બોટલ મળી આવ્યો હતો. આ કેસમાં આરોપી જિતેન્દ્ર સુબાઇ જૈસવાર (રહે.,મુંબઈ)ને ઝડપી લેવાયો હતો અને કુલ રૂ.7,61,600નો મુદ્દામાલ કબજે કરાયો હતો. બંને ગાડીમાં દારૂનો જથ્થો ભરાવનાર વોન્ટેડ આરોપી શંકરકુમાર યાદવ (રહે.,કડોદરા) અને મંગાવનાર પ્રભાત ઉર્ફે રામા મહેતા (રહે.,દસ્તાન, પલસાણા) હોવાનું ખૂલ્યું છે. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### જૂની સેલટીપાડા, આમલપાડા સહિતનાં 8 ગામ પાક નુકસાન સહાયથી વંચિત

વ્યારાઃ ઉકાઈ તાલુકાના ઉકાઈ ડેમ અસરગ્રસ્ત ખેડૂતો જૂની સેલટીપાડા, આમલપાડા, કુઈલીવેલ, પાઘડધુવા, મોલીપાડા, પીપરીપાડા, વાજપુર, એકલખામ સહિતનાં આઠ ગામના ખેડૂતો કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનની સહાયથી વંચિત રહી ગયા છે. તંત્રની બેદરકારીને કારણે ગરીબ ખેડૂતો પાક નુકસાનની સહાય ન મળતાં ખેડૂતોએ ગત તા.23-12-2025ના રોજ તાપી જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં અરજી આપી રજૂઆત કરી હતી અને પાક નુકસાનીની સહાય માટે માંગ કરી હતી. ઉકાઈના આ ગામોમાં મોબાઈલ નેટવર્ક પણ ઉપલબ્ધ ન હોય તેમજ ખેડૂતો નિરીક્ષર હોવાથી પાક નુકસાનીનાં ફોર્મ ક્યાંથી મેળવવા? ક્યાં આપવા? સહિત ફોર્મ ભરવાની છેલ્લી તારીખ કઈ તે પણ જાણતા ન હોવાને કારણે પાક નુકસાનીનું ફોર્મ ભરી શક્યા ન હતા. જેને કારણે સરકાર દ્વારા આપવામાં આવેલા પાક નુકસાનની સહાયથી ઉકાઇ ડેમ અસરગ્રસ્ત આ આઠ ગામના ગરીબ ખેડૂતો સહાયનો લાભ લઈ શક્યા નથી. ત્યારે પાક નુકસાનીની સહાયની આશ સાથે ખેડૂતોએ DDOને લેખિતમાં રજૂઆત કરી હતી.

## અંકલેશ્વરમાં નિવૃત્ત આર્મી મેનના ઘરમાંથી દારૂ ઝડપાયો

**બીજી** ઘટનામાં માંડવા ગામેથી રૂ.43 હજારના દારૂ સાથે મહિલા ઝડપાઈ, એક ઈસમ વોન્ટેડ



સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરમાં દારૂ વિરોધી કાર્યવાહી દરમિયાન ભરૂચ એલસીબી તથા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે બે અલગ-અલગ સ્થળે રેડ કરી મોટી માત્રામાં વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. એક કેસમાં રિટાયર્ડ આર્મીમેનની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે બીજા કેસમાં મહિલા આરોપીની અટકાયત કરી એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન અંકલેશ્વર-ભરૂચ વચ્ચેના જૂના નેશનલ હાઈવે ઉપર આવેલા અક્ષર આઇકોન ખાતે રહેતા રિટાયર્ડ આર્મીમેન જયકૃષ્ણ શ્યામદાસ તિવારી પરમિટના આધારે રાખેલ વિદેશી દારૂ ગેરકાયદે રીતે વેચાણ કરી રહ્યો હોવાની માહિતી મળી હતી. મળેલી બાતમીના આધારે એલસીબી પોલીસે રેડ કરી તેના મકાનમાંથી રૂ.3.59 લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે જયકૃષ્ણ તિવારીની ધરપકડ કરી તેની સામે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો. બીજી તરફ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને મળેલી માહિતી મુજબ માંડવા ગામે રેડ કરવામાં આવી હતી. જ્યાંથી મહિલા આરોપી રેખાબેન અરવિંદ વસાવાના મકાનમાંથી રૂ.43500ની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે રેખા વસાવાની અટકાયત કરી તેના પતિ અરવિંદ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો છે. બંને કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી

## આમોદમાં પતંગ ચગાવતો 10 વર્ષનો બાળક ચોથા માળેથી નીચે પટકાયો

**મારૂવાસના** દેવરાજ વાઘેલાને હોસ્પિટલ ખસેડાતાં જીવ બચી ગયો



ભરૂચઃ ઉત્તરાયણ પર્વ પૂર્વે જ ભરૂચના આમોદ નગરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આમોદના મુખ્ય બજારમાં આવેલા એક શોપિંગ સેન્ટરના ચોથા માળે પતંગ ચગાવી રહેલો 10 વર્ષીય માસૂમ બાળક અચાનક નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને તહેવાર ટાણે વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ આમોદના નાના તળાવ પાસે આવેલ મારૂવાસ વિસ્તારમાં રહેતો 10 વર્ષીય દેવરાજ પ્રવીણભાઈ વાઘેલા મુખ્ય બજારમાં ટાવર પાસે આવેલા એક શોપિંગ સેન્ટરના ધાબે પતંગ ચગાવવા ગયો હતો. પતંગ ચગાવવાની મસ્તીમાં મશગૂલ દેવરાજ અચાનક ચોથા માળેથી સંતુલન ગુમાવતા નીચે પટકાયો હતો. બાળક નીચે પડતા જ જોરદાર અવાજ આવતાં આસપાસના વેપારીઓ અને લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા પરિવારજનો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા, જ્યાં પોતાના લાડકવાયાને લોહીલુહાણ હાલતમાં જોઈ પરિવાર ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યો હતો.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા દેવરાજને માથાના ભાગે વધુ ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોની મદદથી તેને તાત્કાલિક આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ ત્વરિત સારવાર શરૂ કરતાં બાળકનો આબાદ બચાવ થયો છે. ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે પતંગ ચગાવવાની, પતંગના પેચ લડાવવાની તથા પતંગો લૂંટવાની લાયમાં બાળકો અગાસી કે ધાબા પરથી પટકાય નહીં એ માટે વાલીઓએ સતર્ક રહેવું જરૂરી છે.

### અંકલેશ્વરના પટેલનગરમાં જુગાર રમતા 6 ઝડપાયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર શહેરના પટેલનગર વિસ્તારમાં ઝુપડપટ્ટી પાસે રેલ્વે લાઇનની બાજુમાં ખુલ્લી જગ્યામાં એલ.સી.બી.પોલીસે દરોડો પાડી 6 જુગારીને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી તથા આરોપીઓની અંગઝડતીમાંથી રોકડા રૂપિયા, જુગાર રમવાના સાધનો, મોબાઇલ ફોન અને બે ટુ-વ્હીલર સહિત કુલ રૂ.1,24,400નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહીમાં ઝડપાયેલા આરોપીઓમાં સંજયભાઈ છગનભાઈ ચૌહાણ, લાલચંદ ઝોખુ વિશ્વકર્મા, મોતીભાઈ વામનભાઈ માંગગારોડી, સુરેશભાઈ પ્રેમાભાઈ ચુડાસમા, રાજુભાઈ કચાભાઈ વાઘરી તથા અજયભાઈ ઉસ્તામભાઈ વસાવાનો સમાવેશ થાય છે.

### આમોદમાં ચાઇનીઝ દોરીના જથ્થા સાથે એક ઝડપાયો

ભરૂચઃ આમોદ પોલીસે એક ઇસમ પાસેથી ચાઇનીઝ દોરી ઝડપી પાડી હતી. આમોદ પુરસા રોડ પર નવીનગરીમાં રહેતા મુકેશ જેસંગભાઈ વાઘરી (ઉ.વ.27) ચાઇનીઝ દોરી મીણીયા થેલામાં ભરીને ચોરી છૂપીથી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે રેડ પાડી પોલીસે પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના 34 ફિરકા કિંમત રૂ.20,400 મુદ્દામાલ કબજે કર્યો હતો. દરેક ફિરકા પર અંગ્રેજીમાં “MONO KING GOLD NOT USE KITE FLYING” લખેલ હતું. જંબુસરમાં રહેતા એક ઇસમ પાસેથી ખરીદીને લાવ્યો હતો. આમોદ પોલીસે તેની સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે

## અંકલેશ્વરમાં પુત્રએ મિત્ર સાથે મળી પોતાના જ ઘરમાં ચોરી કરી

**એ ડિવિઝન** પોલીસે મકાન માલિકના પુત્ર સહિત બેની ધરપકડ કરી

**મોજશોખ** માટે રૂ.19.80 લાખનાં સોના-ચાંદી અને રોકડની ચોરી



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના પારસીવાડ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં શહેર એ ડિવિઝન પોલીસને સફળતા મળી હતી. પોલીસે મકાન માલિકના પુત્ર તથા તેના મિત્રને ચોરીના તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડતાં શહેરમાં ખળભળાટ મચી ગયો હતો.

પારસીવાડ વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા પારસી વ્યવસાયકાર મઝુમ રૂસ્તમ વિમાદલાલ તા.17 ડિસેમ્બરથી 21 ડિસેમ્બર દરમિયાન પુણે ખાતે લગ્ન પ્રસંગે ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના બંગલાના મુખ્ય દરવાજાની ઇન્ટરલોકની ડુપ્લિકેટ ચાવી બનાવી માસ્ટર કી વડે લોક ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ચોરોએ અંદાજે રૂ.19.80 લાખના સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની ફરિયાદના આધારે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બાદ એ ડિવિઝન પોલીસ અને ભરૂચ એલસીબીની ટીમે હ્યુમન તથા ટેક્નિકલ ઇન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અમદાવાદ ખાતેથી મકાન માલિકના પુત્ર ફરઝાન મઝુમ વિમાદલાલને ચોરીના તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ પૂછપરછ દરમિયાન ફરઝાને તેના અમદાવાદ ખાતેના કોલેજના મિત્ર મોહંમદ અનસ સાદીક સૈયદ સાથે મળી પોતાના જ ઘરમાં ચોરી કર્યાની કબૂલાત આપી હતી. મોજશોખ પૂરા કરવા માટે પુત્રે જ પોતાના પિતાના બંગલામાં ચોરી કર્યાનું બહાર આવતાં સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. એ ડિવિઝન પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે.

## કુકરમુંડા-સુરત એસટી બસ બગડતાં મુસાફરો અટવાયા



**બસનું** ગિયર બોક્સ બગડી ગયું, 42 મુસાફરને બીજી બસમાં રવાના કરાયા

કુકરમુંડા : નિઝર તાલુકાના બોરદા ગામની સીમમાંથી પસાર થતા ઉચ્છલ-નિઝર રોડ પર ગત બુધવારે સવારના સાડા નવ વાગ્યાના આસપાસ કુકરમુંડા-સુરત એક્સપ્રેસ એસટી બસ અચાનક બગડી ગઈ હતી. જેના કારણે બસમાં સવાર અંદાજે ૪૨ જેટલા મુસાફર મુશ્કેલીમાં મુકાયા હતા.

મળતી માહિતી મુજબ ગત બુધવારે સવારે આશરે નવ વાગ્યાના સમયે કુકરમુંડા બસ સ્ટેશન ખાતેથી એક્સપ્રેસ કુકરમુંડા-સુરત એસટી બસ નં.(GJ-18-Z-7883) ઉપડી હતી. બસ સાડા નવ વાગ્યાના સમયે નિઝરના બોરદાની સીમમાં ઉચ્છલ-નિઝર રોડ પરથી પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક બસનું ગિયર બોક્સ બગડી ગયું હતું. પરિસ્થિતિને ધ્યાને લઈ બસ ચાલકે તાત્કાલિક બસને સુરક્ષિત રીતે રોડની સાઈડમાં ઊભી કરી હતી. ત્યારબાદ બસના ડ્રાઈવર અને કંડક્ટરે સમયસૂચકતા દાખવી બસમાં સવાર સરકારી તથા ખાનગી નોકરી કરતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરો સહિત કુલ અંદાજે ૪૨ જેટલા મુસાફરોને બીજી એસટી બસમાં બેસાડવાની વ્યવસ્થા કરી હતી, જેથી કોઈ મોટી અસુવિધા કે અકસ્માત ટળ્યો હતો. નિઝર અને કુકરમુંડામાં એસટી બસ ડેપો દ્વારા જો સારી અને યોગ્ય સ્થિતિમાં રહેલી બસોની સુવિધા પૂરી પાડવામાં આવે તો મુસાફરોને આવી વારંવાર થતી મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે તેમ છે.

## બારડોલીના બાલ્દામાં LCBના દરોડા

2.62 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, બુટલેગર ફરાર

પલસાણાઃ સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે બારડોલીના બાલ્દા ગામની જૂની કોલોની ફળિયામાં આવેલા એક ઘરના પાછળના વડામાંથી 2,62,000નો વિદેશી દારૂ ઝડપી લીધો હતો.

મળતી માહિતી મુજબ LCBને બાતમી મળી હતી કે, બારડોલીના બાલ્દા ગામનો રહીશ ચેતનભાઈ દિલીપભાઈ સુરતી પોતાના ઘરની પાછળ પતરાના શેડમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવીને તેના વેચાણની પેરવી કરી રહ્યો છે. આથી બુધવારે રાત્રે આશરે ૧૦ વાગ્યે પંચોની હાજરીમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને પતરાના શેડ અને તબેલા પાસેથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૬૦૪ નંગ નાની-મોટી બાટલીઓ તથા બિયરનાં ટીન મળી આવ્યાં હતાં. રેડ દરમિયાન આરોપી ચેતન સુરતી ન મળતાં વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે કુલ 2.62 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નંઃ E0998729 જે તા. ૨૬/૧૦/૨૦૨૫ ના રોજ જે પાસપોર્ટ ઘર વખરીના સામાનની સાફ સફાઈ કરતી વખતે કયાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

પટેલ પન્નાબેન બળવંતભાઈ
રહેવાસી : કોસાડી, સ્વામીનારાયણ ફળીયા, તા.માંડવી, જી. સુરત.

**જાહેર નોટિસ**

ઓલપાડ તાલુકા નિવૃત કર્મચારી મંડળનાં પ્રમુખશ્રી કરસનભાઈ પટેલ એક નિવેદનમાં જણાવે છે કે તા. ૨૮/૧૨/૨૫ ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે ખૂંટાઈમાતાનાં મંદિરે હાથીસારોડ ઉપર ઓલપાડ ખાતે સુવર્ણજંયતિ મહોત્સવનું આયોજન કરેલ છે. તેમાં સૌ સભાસદ ભાઈ - બહેનોને સમયસર આવવા હાર્દિક આમંત્રણ છે.

પ્રમુખશ્રી
ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ
પોસ્ટ ઓફિસની સામે, ભટગામ રોડ, મુ.પો. ઓલપાડ,
તા. ઓલપાડ, જી. સુરત

Milano MULTIPLEX
બારડોલી

Tu Meri Main Tera Main Tera Tu Meri
10:00am, 03:00pm, 10:00pm

Vande BHARAT Via USA-Gujarati - 06:30pm

Avatar: Fire And Ash
11:00am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm,09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333